RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઇન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર


Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot



ગુજરાતમાં ભાજપના સંગઠનમાં બદલાવની હિલચાલ, જૂલાઇમાં નવા પ્રમુખ આવી શકે

વાંચો પેજ નં. 2

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 08 June 2024, Saturday | Page : 10 | Year : 1 | Issue : 199 | Price: 2/-



# રાષ્ટ્રપતિએ નરેન્દ્ર મોદીને આપ્યું સરકાર બનાવવાનું આમંત્રણ, 9 જૂને શપથગ્રહણ

ભારત હેડલાઈન, તા.૭

લોકસભા ચૂંટણીમાં એનડીએને બહુમતી મળ્યા બાદ નવી સરકાર રચવાની તૈયારીઓ શરુ થઈ ગઈ છે. આજે દિલ્હીમાં એનડીએમાં સામેલ પક્ષોની બેઠક યોજાઈ હતી, જેમાં તમામ પક્ષોએ નરેન્દ્ર મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવવા માટે સર્વાનુમતે સંમતી આપી દીધી છે, ત્યારે નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રપતિ ભવન પહોંચી રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ સાથે મુલાકાત કરી હતી, જેમાં રાષ્ટ્રપતિએ તેમને નવી સરકાર રચવાનું આમંત્રણ આપ્યું છે. મોદી ૯મી જૂને શપથગ્રહણ કરશે. આ પહેલા શુક્રવારે જૂના સંસદ ભવનના સેન્ટ્રલ હોલમાં નરેન્દ્ર મોદીને ગઉઅના નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

રાષ્ટ્રપતિ દ્વારા સરકાર રચવાનું આમંત્રણ મળ્યા બાદ મોદીએ મીડિયાને સંબોધિત કરતાં કહ્યું હતું, કે 'હું આ અવસર માટે દેશનો આભાર પ્રગટ કરું છું. હું દેશવાસીઓને વિશ્વાસ આપવું છું કે ૧૮મી લોકસભાના પાંચ વર્ષના કાર્યકાળમાં અમે ગતિ અને સમર્પણભાવથી દેશની આશા અને અપેક્ષા પૂર્ણ કરવામાં કોઈ કસર છોડીશું નહીં.'

## સંકટો વચ્ચે અર્થવ્યવસ્થામાં થયો વિકાસઃ નરેન્દ્ર મોદી



તેમણે કહ્યું હતું કે, '૨૦૧૪માં હું નવો હતો. આમારી ટીમ માટે ઘણું બધુ પહેલી વખત થઈ રહ્યું હતું. આ ૧૦ વર્ષનાં કાર્યકાળ દરમિયાન ભારતની વૈશ્વિક જે છબી બની છે, દુનિયા માટે ભારત વિશ્વબંધુ તરીકે ઉભર્યું છે તેનો સૌથી વધારે ફાયદો હવે મળી રહ્યો છે. વૈશ્વિક પરિવેશમાં પણ હવેનાં ૫ વર્ષ ભારત માટે મહત્વનાં રહેશે. દુનિયા અનેક સંકટ અને વિપત્તિઓમાંથી પસાર થઈ રહી છે. દુનિયાએ આવી સમસ્યાઓ ઘણી ઓછી જોઈ છે અને દરેક દેશ પોતાને બચાવી રાખવા માટે પડકારો ઝીલી રહ્યો છે. આટલા બધા સંકટો વચ્ચે પણ ભારત દુનિયાની સૌથી ઝડપથી આગળ વધતી અર્થ વ્યવસ્થા તરીકે ઊભરી રહ્યો છે. તેનાં કારણે દુનિયાનું ભારત તરફ વળવું પણ બહુ ઝડપથી આગળ વધશે. તેનો લાભ દેશનાં લોકોને અને યુવા પેઢીને મળશે.

## એનડીએ ડેલિગેશને રાષ્ટ્રપતિ સાથે કરી મુલાકાત

મોદીની રાષ્ટ્રપતિ સાથે મુલાકાત પહેલા એનડીએ ડેલિગેશને રાષ્ટ્રપતિ ભવન પહોંચી રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ સરકાર બનાવવાનો દાવો કર્યો હતો. આ ડેલિગેશનમાં અમિત શાહ, રાજનાથ સિંહ, નીતીશ કુમાર, એકનાથ શિંદે સહિત તમામ નેતાઓ સામેલ હતા.

## સેન્સેક્સ ૨%થી વધુ ઉછળ્યો, રેકોર્ડ ૭૬,૭૯૫ પર પહોંચ્યો

રિઝર્વ બેન્કના જીડીપી અનુમાનમાં વધારો કર્યા પછી, સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે એટલે કે ૭ જૂને સેન્સેક્સ ૭૬,૭૯૫ની ઓલ ટાઇમ હાઈ પહોંચી ગયું હતું. જોકે, પાછળથી તે થોડો નીચે આવ્યો અને સેન્સેક્સ ૧,૬૧૮ પોઈન્ટના વધારા સાથે ૭૬,૬૯૩ પર બંધ થયો. તે જ સમયે, નિફ્ટીમાં પણ ટ્રેડિંગ દરમિયાન લગભગ ૫૦૦ પોઈન્ટનો વધારો જોવા મળ્યો હતો અને તે ૨૩,૩૨૦ના સ્તર પર પહોંચી ગયો હતો. નિફ્ટી ૪૬૮ પોઈન્ટના વધારા સાથે ૨૩,૨૯૦ પર બંધ રહ્યો હતો. આ નિફ્ટીનો ઓલ ટાઈમ ક્લોઝિંગ હાઈ છે.

## યુદ્ધના ભણકારા? ચીને તાઈવાન સરહદ પાસે તહેનાત કર્યા ૨૬ એરક્રાફ્ટ અને ૧૦ જહાજો, મંત્રાલયનો દાવો

ભારત હેડલાઈન, તા.૭

ચીન અને તાઈવાન વચ્ચે ઘણ વર્ષોથી સંઘર્ષ ચાલી રહ્યો છે, ત્યારે ચીને ફરી યુદ્ધના ભણકારાની સ્થિતિ ઉભી કરી વિશ્વભરને ચિંતામાં મુકી દીધું છે. ચીને હંમેશા તેના પર ધાક જમાવવાનો પ્રયાસ કરતો રહે છે. અગાઉ ચીને તાઈવાન મુદ્દે વિશ્વભરને ધમકી આપી હતી કે, 'જે તાઈવાનનું સમર્થન કરશે તેનું અમે માથું ફોડી નાખીશું', ત્યારે હવે ફરી બંને દેશો વચ્ચે ભારે તણાવ શરૂ થયો છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે, ચીનના ૨૬ સૈન્ય વિમાનો, ૧૦ નૌકાદળના જહાજો અને ચાર કોસ્ટ ગાર્ડ જહાજો તાઈવાનની સરહદ નજીક જોવા મળ્યા હતા.

# ગુજરાતમાં ભાજપના સંગઠનમાં બદલાવની હિલચાલ, જૂલાઈમાં નવા પ્રમુખ આવી શકે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ દિલ્હી પહોંચ્યા, રાજ્ય સરકારમાં પણ આંશિક પરિવર્તન

■ જ્ઞાતિ-જાતિ જોવાને બદલે જૂના જોગીને પ્રમુખ બનાવવાની સિનિયર નેતાઓની માગ



ભારત હેડલાઇન, તા.૭

લોકસભાની ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા બાદ હવે ગુજરાતમાં ભાજપના સંગઠનના બદલાવનું કામ આગળ ધપશે. ચાલુ મહિને અથવા આવતા મહિનાની શરૂઆતમાં રાષ્ટ્રીય સંગઠનમાં બદલાવ આવે તેવી સંભાવનાઓને જોતાં હવે ગુજરાત ભાજપમાં પણ બદલાવની હિલચાલ આવી શકે છે. ભાજપના સૂત્રો આવતા જૂલાઈ માસમાં સંપૂર્ણ નવા માળખાની અપેક્ષા રાખી રહ્યા છે. સી આર પાટીલને સ્થાને નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે ઓબીસી ચહેરો આવે તેવી સંભાવના જોવાઈ રહી છે. આ દરમિયાન ગુરુવારે મોડી સાંજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ દિલ્હી જવા રવાના થઈ ગયા હોવાના વાવડ મળ્યા છે. તેઓ આવનારા દિવસોમાં અમિત શાહ સાથે બેઠક કરશે. તેમની સાથે ભાજપના અધ્યક્ષ અને નવસારીના સાંસદ સી આર પાટીલ પણ હાજર હશે. ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર પણ તેમની સાથે જોડાય તેવી શક્યતા છે. ભાજપના સાઈડલાઈન થયેલા સિનિયરોના મનમાં આ ચૂંટણી પરિણામોને લઈને કચવાટ ઊભો થયો છે. ભાજપના સંગઠનમાં ચાલી રહેલા ક્લેશને નિવારવા માટે સંગઠન સાથે જોડાયેલા સિનિયર નેતાને પ્રદેશ અધ્યક્ષ બનાવવા જોઈએ તેવો મત તેઓ વ્યક્ત કરી રહ્યા છે. અલબત્ત પ્રમુખ પદ માટે જ્ઞાતિ-જાતિના સમીકરણ જોવાને બદલે લાયકાત જોઈને જ પ્રમુખપદ આપવું જોઈએ તેવો વાદ વ્યક્ત કરાઈ રહ્યો છે. સંગઠનનું સમૂળગું માળખું બદલવાનો પણ મત અહીં આવે છે. આ સાથે મંત્રીમંડળમાં પણ ક્ષમતાને ધ્યાનમાં રાખીને પસંદગી કરવાની માગ ઉઠી છે.



સંગઠન ઉપરાંત સરકારમાં પણ કેટલાંક આંશિક ફેરફારો આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હવે પોતાના મંત્રીમંડળનું વિસ્તરણ કરી શકે છે. આ કિસ્સામાં પેટાચૂંટણીમાંથી જીતીને આવેલા અર્જુન મોઢવાડિયા અને સી જે ચાવડાને સમાવાશે. આ સિવાય એવી વાત પણ ચાલી રહી છે કે મંત્રીમંડળમાં દક્ષિણ ગુજરાતનું પ્રતિનિધિત્વ ઘટી શકે છે. સુરત શહેર અને જિલ્લામાંથી ચાર મંત્રીઓ છે તેમાં પણ ઘટાડો થઈ શકે છે.

લોકસભાની ચૂંટણીના ચોંકાવનારા પરિણામોને કારણે ભાજપના કાર્યકરોમાં ઘણી નિરાશા છે. આગામી સમયમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ પણ આવશે. આ પહેલાં પાર્ટીના કાર્યકરોનો ઉત્સાહ પરત ફરે તે માટે સંગઠનમાં બદલાવ જરૂરી છે.

# ડે.ફાયર ઓફિસર ઠેબાના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર

ભારત હેડલાઇન, તા.૭

TRP ગેમઝોન અગ્નિકાંડ મામલે ડે.ફાયર ઓફિસર ભીખા ઠેબાના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કોર્ટે કર્યા છે. ગઈકાલે અઈઈની તપાસમાં ૮૦ લાખ જેવી કિંમતની અપ્રમાણસર મિલ્કત મળી આવતા રાજકોટ એ.સી.બી.માં ગુન્હો નોંધાયો હતો. ઉલ્લેખનીય છે કે, રાજકોટ ઝછઙ ગેમઝોન અગ્નિકાંડ મામલે તપાસનો ધમધમાટ શરૂ થયો છે. ત્યારે ગુરૂવારના રોજ છઅઈ ચીફ ઓફિસર ઠેબા સામે અઈઈની તપાસમાં ૮૦ લાખ જેવી કિંમતની અપ્રમાણસર મિલ્કત મળી આવતા રાજકોટ એ.સી.બી.માં ગુન્હો નોંધાયો હતો. મળતી માહિતી પ્રમાણે રાજકોટ મહાપાલિકાના ડેપ્યુટી ફાયર ચીફ ઓફિસર ઠેબા સામે એસીબીની તપાસમાં પ્લોટ, મકાન તેમજ રોકડ મળી સરકારી કિંમત મુજબ ૮૦ લાખ જેવી કિંમતની અપ્રમાણસર મિલ્કત મળી આવી હતી. જેને લઈને રાજકોટ એ.સી.બી.માં ગુન્હો નોંધવામાં આવ્યો હતો. એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ડેપ્યુટી ફાયર ઓફિસર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં બી.જે. ઠેબા વિરુદ્ધ અપ્રમાણસાર મિલ્કત અંગેનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. રાજકોટ એસીબી દ્વારા ભીખા ઠેબાની ધરપકડ પણ કરવામાં આવી હતી. જેને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારે ડે.ફાયર ઓફિસર ભીખા ઠેબાના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.



## ગુજરાતમાં ચોમાસું વહેલું બેસશે

# ૧૨ જૂને રાજ્યમાં ગાજવીજ સાથે સાર્વત્રિક વરસાદ પડશે

ભારત હેડલાઇન, તા.૭

હવામાન વિભાગ દ્વારા આજથી આગામી સાત દિવસ દરમિયાન ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. આ ઉપરાંત ગુજરાત રાજ્યમાં સામાન્ય રીતે ૧૫ જૂનની આસપાસ ચોમાસું બેસતું હોય છે. પરંતુ હાલમાં દક્ષિણ ગુજરાત અને આસપાસના વિસ્તારમાં સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશનને પગલે પ્રિ-મોન્સૂન એક્ટિવિટી અંતર્ગત વરસાદ વરસી શકે છે. આગામી સાત દિવસ આ સ્થિતિ બની રહેશે. ઉલ્લેખનીય છે કે, કેરળમાં આ વર્ષે ચોમાસુ બે દિવસ વહેલું બેસી ગયું છે. આથી ગુજરાતમાં પણ તેની શક્યતા વધી ગઈ છે. પ્રિ-મોન્સૂન એક્ટિવિટી અને ચોમાસાનો વરસાદ સાથે આવી શકે છે. કારણ કે સાત દિવસ સુધીની આગાહી એટલે કે ૧૨ જૂન સુધી પ્રિ-મોન્સૂન એક્ટિવિટી ચાલતી રહેશે. જેને કારણે સમગ્ર ગુજરાત રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. ચોમાસુ વહેલું બેસવાના પણ એંધાણ હવામાન વિભાગે આપ્યા છે. ગુજરાત રાજ્યના ખેડૂતો માટે ખુશીના સમાચાર છે કે, આ વર્ષે ચોમાસુ વહેલું અને સારું રહેશે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. આ વર્ષે સમગ્ર દેશમા ૧૦૬ ટકા જેટલો વરસાદ વરસે તેવી શક્યતા છે. આથી ગુજરાતમાં પણ આ વર્ષે સારો વરસાદ રહેવાની શક્યતા છે. જગતના તાતને તેમનો પાક બચાવવા પાણી માટે વલખાં મારવા પડશે નહીં. કારણ કે, આવશ્યક વરસાદ વરસે તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગે આગામી પાંચ દિવસ વાતાવરણની આગાહી કરતા જણાવ્યું હતું કે, મધ્યપ્રદેશ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં તાપમાન યથાવત્ રહેશે. ગુજરાતના મોટાભાગના જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી ઓછું નોંધાઈ શકે છે. જે હાલમાં સ્થિતિ છે તે આગામી પાંચ દિવસ યથાવત રહેશે.

## લોકોના આરોગ્ય સાથે કરાતા ચેડાં !

# વર્ણીરાજ બટર મિલ્ક છાશથી જાહેર આરોગ્ય જીવન જોખમમાં




**ઉત્પાદક સામે કાર્યવાહી કરવા ઉઠી માંગ**

ભારત હેડલાઇન, તા.૭

લોકોના આરોગ્ય સાથે ચેડા કરાતા હોવાનું સામે આવ્યું છે. વર્ણીરાજ બટર મિલ્ક છાશથી જાહેર આરોગ્ય જોખમમાં મુકાશેની ગંભીરતા દર્શાવી ઉત્પાદક સામે કાર્યવાહી કરવા માંગ ઉઠવા પામી છે.

આવી છાશ પીવાથી આરોગ્ય જોખમમાં હોવાનું અનુભવેલ અરજદારે રાજકોટ ગ્રામ્યના ફુડ સેફ્ટી વિભાગના ઈન્સ્પેકટરની લેખિત રજૂઆતમાં જણાવ્યું હતું કે, અમો સામાજિક કામ સબબ અમરેલી જઈ રહ્યા હતાં તે દરમ્યાન બાબરા અમરેલી ચોકડી પાસે ચા-પાણી પીવા માટે અને વિરામ માટે રસ્તામાં રોકાયેલ હોય અને પુજા રેસ્ટોરેન્ટમાં અમોએ નાસ્તો કરેલ. જેમાં રેસ્ટોરેન્ટમાં ઉક્ત



કંપનીની વેંચાણ થતી છાશનો જથ્થો પુરો થઈ ગયેલ તેની આજુબાજુમાં રહેલ નાસ્તાની રેકડીઓ માંથી આ છાશનું વેંચાણ થાય છે જે જગ્યાએ છાસના બે પેકીંગ લીધા અને તેમાંથી એક છાશનુ પેકીંગ ખરાબ નીકળેલ તે અમોએ સ્થળ પર ફેંકી દીધલ અને બીજી છાશના પેકીંગની છાશ પીવાથી અમોને ફુડ પોઈઝનીંગની અસર પણ થયેલ છે. તો આ અંગે સનાતન ડેરી ફાર્મ , રામાણી શેરી, ગોકુલ ચોક ,મું. ગોખલાણા, તાલુકો જસદણ, જિ.રાજકોટ વાળાએ FSSAI Lic .No 10720019000098 લીધેલ છે. તે લાયસન્સ અન્વયે ખાધ ચીજ વસ્તુઓ ઉત્પાદન કરતી વર્ણીરાજ બટર મિલ્ક છાશના ઉત્પાદક તેમની કંપની માંથી છાશની પેકીંગમાં ઉત્પાદન તારીખ અને એક્સ્પારીય તારીખ છાપ્યા વગરની જાહેરમાં છાશ વેંચી આસપાસની જાહેર જનતાનું આરોગ્ય જોખમમાં મુકે છે અને આ પેકીગમાં છાપેલ કસ્ટમર કેર નંબર ૯૮૨૪૧ ૩૦૩૩૨, ૯૭૨૪૪ ૨૮૨૪૪ ઉપર ફોન કરતા તેઓએ જણાવ્યુ હતુ કે અમો આ કંપની માંથી છુટા થઇ ગયેલ છીએ અને આ બાબતે હું કાઈ જાણતો નથી તેમ જણાવેલ.

તો આ અંગે ઉકત બાબતે મને આ કંપનીના ઉત્પાદકો અને વિક્રેતા જાણી જોઈને પ્રજાના જાહેર આરોગ્ય સાથે ચેડાં કરતા તેવું જણાઇ આવે છે. તો ઉકત કંપની સામે ફોજદારી કાર્યવાહી કરવા વિનંતી. અને સાથે મુદ્દામાલ પેટે વર્ણીરાજ બટર મિલ્કની છાશનું પેકીંગ જમા કરીએ છે.

# ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાની રાજકીય સામાજિક કારકિર્દી સૂર્યાસ્ત તરફ !?

## ગણેશકાંડમાં જેલહવાલે થયેલા આઠ આરોપીની વિરુદ્ધમાં પ્રતિષ્ઠિત વકીલ સંજય પંડિત, ગોંડલના દિનેશ પાતડ લડશે

## ક્ષત્રિય અસ્મિતા આંદોલનમાં સત્તામાં મંદ જયરાજસિંહ સામે સમાજના આગેવાનો બુલંદ અવાજ ઉઠયા બાદ હવે જૂનાગઢથી દલિત સમાજનું રણશિંગુ ફૂંક્યું

ભારત હેડલાઈન, તા.૭

જૂનાગઢ જીલ્લાના દલિત સમાજના પ્રમુખ રાજુભાઈ સોલંકીના દીકરા સંજયનું અપહરણ અને હત્યાની કોશીષના ગુન્હામાં ઝડપાયેલા ગોંડલના ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહ જાડેજાના પુત્ર ગણેશ ઉર્ફે જ્યોતિદયરાય જાડેજા સહિત આઠ આરોપીની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કર્યા હતા. પરતુ સાત દિવસના રિમાન્ડ ન મળતા આઠેય આરોપીને જેલહવાલે કરી દેવામાં આવ્યા હતા. હવે સતાના નશામાં અંધ થઈને ખુલ્લેઆમાં યુવકનું અપહરણ કરી દબંગાઈ કરનાર ગણેશ સહિત આઠેય આરોપીની રાજકીય અને સામાજિક કારકિર્દી ખતમ કરી નાખવા માટે ફરિયાદી રાજૂ સોલંકી તરફે





આ કેસ નામાંકિત વકીલ સંજય પંડિત અને ગોંડલના દિનેશ પાતડ લડશે. રાજકીય વગ ધરાવતા આરોપી ગણેશ સહિત આઠને કોઈપણ પ્રકારની જુનાગઢ જેલમાં અલાયદી સુવિધા ન મળે તથા કોઈ પણ પ્રકારની છૂટછાંટ ન મળે તે રીતે બન્ને વકીલો ધારદાર દલીલો પણ કરશે. અપહરણ - હત્યાના પ્રયાસના કેસમાં ફરિયાદી રાજૂ સોલંકી વતી કોર્ટની તમામ તારીખોમાં આ બે વકીલો હાજર રહી લાકડા જેવો મજબૂત કેસ કરી ન્યાય અપાવશે.

ઉલ્લેખનીય છે કે ક્ષત્રિય અસ્મિતા આંદોલન સમયથી ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા સામે ખુદ ક્ષત્રિય સમાજમાં નારજગી પ્રવર્તી રહેલી છે. આ આંદોલન સમયે પણ જયરાજસિંહ દબંગાઈ સામે ખુદ સમાજના આગેવાનોએ અવાજ ઉઠાવ્યો હતો. હવે જુનાગઢની અપહરણ હત્યાની ઘટનામાં દલિત સમાજે વાંધો ઉઠાવી આગામી ૧૨ તારીખે જુનાગઢથી ગોંડલ સુધી રેલી યોજી શક્તિ પ્રદર્શન યોજશે. રાજકીય વગથી સતાના નશામાં રહેલા જયરાજસિંહને બેફામ ગાળો ભાંડતી રાજૂ સોલંકીની ઓડિયો ક્લિપ પણ વાઈરલ થઈ હતી.

# સૌ.યુનિ.ના રાજકારણથી કંટાળી મહેકમ વિભાગના ઈન્ચાર્જનું રાજીનામું

ભારત હેડલાઈન, તા.૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકારણનો અખાડો બની ગઈ છે. વિદ્યાર્થીઓના હિતના બદલે અંગતના હિત વધારે સરાવાતા હોય ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ભરતી મામલે દબાણ કરવામા આવતું હોવાના લીધે મહેકમ વિભાગના ઈન્ચાર્જ અધિકારી ડો. રાજા કાથડે રાજીનામું ધરી દેતા ખળભળાટ મચી ગયો છે.

આ અંગે ડો. રાજા કાથડે જણાવ્યું છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અલગ અલગ ભવનમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે અગાઉના ઈન્ચાર્જ કુલપતિના કાર્યકાળમાં ઈન્ટરવ્યુથી લઈ તમામ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી હતી. સરકાર પાસેથી હજી મંજૂરી મળી નથી. ત્યારે વર્તમાન ઈન્ચાર્જ કુલપતિ ડો. નિલામબરીબેન દવેએ ભવનના હેડ માર્સથી સ્પેશિયલાઈઝેશન મંગાવીને ભરતી કરવાની વાત સામે આવી છે. ત્યારે હવે ઘણા ભવનો એવા છે કે, જેમાં ૧૦ છાત્રો જ છે તેમાં પણ જગ્યા ખાલી હોય આ સ્પેશિયલાઈમએશન ભરતીના જે નામો મંગાવવામાં આવ્યા છે. તેને રદ કરવા શિક્ષણવિશે દ્વારા માંગ કરવામાં આવી છે.

વધુમાં ડો. રાજા કાથડે જણાવ્યું હતું કે, વ્યક્તિગત રાજકારણથી દૂર રહેવા માટે મે મારુ રાજીનામું ધરી દીધું છે. મારે કોઈ વિવાદમાં નથી પડવું એટલા માટે હોદો છોડી દેવામાં આવ્યો છે. અને વિવાદથી દૂર રહેવા માંગું છું. આ અંગે ઈન્ચાર્જ કુલપતિ ડો. નિલાંબરીબેન દવેએ જણાવ્યું હતું કે, રાજા કાથડે રાજીનામાની વાત તો કરી છે. પરંતુ તે ચાર્જ ન છોડવા સહમત થયા છે જો કે ભરતી મામલે કહ્યું હતું કે, હાલ પુરતુ તો ક્યાં કેટલી જગ્યા ખાલી છે તેના નામ મંગાવ્યા છે. સમગ્ર મામલે વિચારી સમજીને આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

## નવા નિયમો જાહેર કરવા સરકારની તૈયારી

# હાઉસિંગ સોસાયટીની ટ્રાન્સફર ફીમાં રૂા.૫૦,૦૦૦ની મર્યાદા; ડેવલપમેન્ટ ચાર્જના નામે ઉઘરાણા નહીં થઈ શકે

## ૧૦ને બદલે ૮ બ્લોક હોય તો પણ સોસાયટી તરીકે રજીસ્ટ્રેશનની છૂટ અપાશે

ભારત હેડલાઈન, તા.૭

લોકસભાની ચૂંટણી પૂરી થઈ ગઈ છે અને હવે આ મુદ્દે સરકાર ટૂંક સમયમાં નિર્ણય લેવાની છે. હાઉસિંગ સોસાયટીઓ ઘણી વખત મકાન ખરીદનારાઓ પાસેથી બહુ તગડી ટ્રાન્સફર ફી વસુલે છે જેના કારણે ઘર ખરીદનારને મોટો ફટકો પડે છે. હવે હાઉસિંગ સોસાયટીઓ માટે વધુમાં વધુ ૫૦,૦૦૦ રૂપિયાની ટ્રાન્સફર ફી નક્કી થાય તેવી શક્યતા છે.

ગુરુવારે સરકારના વરિષ્ઠ અધિકારીઓએ બેઠક યોજી હતી અને ગુજરાત કોઓપરેટેવ સોસાયટી બિલ, ૨૦૨૪નો ડ્રાફ્ટ ઘડવા માટે ચર્ચા કરી હતી. ગુજરાત વિધાનસભામાં આ ખરડો આ વર્ષે જ પસાર થઈ ગયો છે. સોસાયટીની ટ્રાન્સફર ફી એક સળગતો મુદ્દો છે અને રેસિડેન્શિયલ સોસાયટીમાં ઘર વેચવામાં આવે ત્યારે વધુમાં વધુ ૫૦,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર ફી નક્કી કરવામાં આવે તેવી શક્યતા છે. આ ઉપરાંત ડેવલપમેન્ટ ફીના નામે જે ચાર્જ વસુલવામાં આવે છે તે ગેરકાયદે જાહેર કરી



દેવાશે. સરકારના સૂત્રોએ કહ્યું કે નિયમો નક્કી કરવા માટે વધુ બેઠકો યોજાય તેવી શક્યતા છે અને સરકાર એક મહિનામાં જ નિયમો નોટીફાઈ કરી શકે છે. કોઈ સોસાયટી મકાન ખરીદનાર પાસેથી ૫૦,૦૦૦ રૂપિયા કરતા વધારે ટ્રાન્સફર ફી વસુલી નહીં શકે. નાની સોસાયટીઓમાં મકાનના વેચાણ પર ઓછી ટ્રાન્સફર ફી લાગશે. એક અધિકારીએ કહ્યું કે હાઉસિંગ સોસાયટીઓ ડેવલપમેન્ટ ચાર્જિસના નામે તગડી ફી વસુલી રહી છે. નવા નિયમોમાં ડેવલપમેન્ટ ફીને આર્બીટ્રરી અને ગેરકાયદે ગણવામાં આવે છે. જે સોસાયટીઓ ડેવલપમેન્ટ ચાર્જ વસુલ કરશે તેને પેનલ્ટી ફટકારવામાં આવશે.

# સ્પેશિયલ ભીનું સંકેલો સમિતિ જોઈતી નથીઃ મેવાણી

## ખીરની તપાસ બિલાડીનેઃ રાજકોટ અગ્નિકાંડમાં નિર્લિપ્ત રાય, સુધા પાંડે, સુજાતા મજમુદારની SIT બને







ભારત હેડલાઈન, તા.૭

રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં ૨૭ લોકો જીવતા ભૂંજાઈ જવાની હૃદયદ્રાવક ઘટના બાદ વિવિધ પરિવારોને ન્યાય માટે રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા ત્રિકોણબાગ ખાતે આજથી ધરણાં અને ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવ્યાં છે. ત્યારે આ અંગે જિજ્ઞેશ મેવાણીએ જણાવ્યું હતું કે સુભાષ ત્રિવેદી જેમના વડા છે એવી સ્પેશિયલ ભીનું સંકેલો સમિતિ અમારે જોઈતી નથી. તેમણે મોરબીની પુલ દુર્ઘટના હોય કે લઠ્ઠાકાંડ, એની તપાસમાં અત્યારસુધીમાં એકપણ કેબિનેટ મંત્રી કે ઈંઅજ-ઈંઙ્ઙ્‌ની ધરપકડ કરી નથી, જેથી નિર્લિપ્ત રાય, સુજાતા મજમુદાર અને સુધા પાંડે જેવા પ્રામાણિક અને મજબૂત અધિકારી ન હોય તો ન્યાય મેળવાની આશા પીડિતો કે અમને ન હોઈ શકે, જેથી આ પ્રકારના અધિકારીઓની જીંઝ બનાવવામાં આવે એ જરૂરી છે.

કોંગ્રેસ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ વધુમાં જણાવ્યું હતું કે પીડિતોના પરિવારોને ૪ લાખને બદલે રૂ. ૧ કરોડની સહાય આપવામાં આવે. આ સાથે જ દોઢથી બે વર્ષમાં જ ટ્રાયલ પૂરી થાય અને પીડિતોના પરિવારોને ન્યાય મળે એ માટે આજથી ત્રણ દિવસ રાજકોટ શહેરના ત્રિકોણ બાગ ખાતે કોંગ્રેસપક્ષ દ્વારા ધરણાં અને ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવ્યાં છે. જ્યાં સુધી પીડિતોના પરિવારને ન્યાય નહીં મળે ત્યાં સુધી લડી લેવાના નિર્ધાર સાથે અહીં બેઠા છીએ.

આ ઉપરાંત તેમણે આ ઉપવાસ આંદોલનમાં પરિવારજનોની સાથે રાજકોટ શહેરના નાગરિકો પણ જોડાવાના છે. અમે ગુજરાત સરકારને એટલું જ કહેવા માગીએ છીએ કે રાજકોટ શહેરના અને ગ્રામ્યના લોકોએ અગ્નિકાંડમાં ૨૭ લોકો ગુમાવ્યા બાદ પણ જો આંદોલનના રસ્તે જવું પડે તો તે સરકાર માટે શરમજનક બાબત છે. ગઈકાલે ભાજપના કોર્પોરેટર નીતિન રામાણીએ ટીઆરપી ગેમ ઝોન કાયદેસર કરવા માટે ભલામણ કરી હોવાની કબૂલાત આપી. આ અંગે પૂછવામાં આવતાં મેવાણીએ જણાવ્યું હતું કે રાજકોટ અગ્નિકાંડમાં ભાજપના કોઈપણ કોર્પોરેટર, ધારાસભ્ય કે મંત્રી હોય તો તેની સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. જરૂર પડે તો ધરપકડ પણ થવી જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે બંછાનિધિ પાની કે જેઓ ભૂતકાળમાં રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર હતા. ત્યારે તેમના સમયગાળામાં જ આ ટીઆરપી ગેમ ઝોન ચાલતો હતો. ત્યારે તેમને જ અગ્નિકાંડની તપાસ કમિટીમાં મૂકવામાં આવ્યા છે, જેનો મતલબ એ થયો કે ખીરની તપાસ બિલાડીને. આ પ્રકારની કમિટી પર રાજકોટ અને ગુજરાતની જનતા કઈ રીતે ન્યાયની અપેક્ષા રાખી શકે. તેમણે કહ્યું હતું કે એન્ટી કરપ્શન બ્યૂરો એ દાંત વગરનો સાવજ છે. ACBમાં જો પાણી હોય તો તેમણે વિજય રૂપાણી અને વજુભાઈ વાળાની સંપત્તિની તપાસ કરવી જોઈએ.

# રાજસ્થાના યુવકે ૮ લાખમાં સગીરા ખરીદી લગ્ન કર્યા, હાઈકોર્ટે કહ્યું જામીન મળી શકે નહીં

ભારત હેડલાઈન, તા.૭

અમદાવાદમાં એક સગીરાના ખરીદ-વેચાણનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં રાજસ્થાનના એક પરિવારે પુત્રના લગ્ન માટે ૧૫ વર્ષ અને ૭ મહિનાની સગીરાની ૮ લાખમાં ખરીદી કરી હતી. તો બીજી તરફ સગીરાની માતાએ દીકરી ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. જો કે, સમગ્ર હકીકત સામે આવ્યા બાદ વટવા પોલીસે રાજસ્થાનથી આરોપીને ઝડપી પાડ્યો હતો. જે બાદ આરોપીએ અમદાવાદ સિટી સિવિલ સેશન્સ કોર્ટમાં જામીન અરજી મૂકી હતી. જને નકારી દેવાતા તે હાઈકોર્ટ પહોંચ્યો હતો. જો કે, ચાર્જશીટ પહેલાં જામીન આપવા હાઈકોર્ટે પણ ઈનકાર કર્યો છે.

અમદાવાદના વટવા પોલીસ મથકે રાજસ્થાનના એક આરોપી સામે IPCની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૦અ, ૩૭૬(૨)(ગ), ૩૭૬(૩), ૩૪ અને પોક્સો એક્ટની કલમ ૩ફ, ૪, ૫(૧), ૬, ૧૭ તેમજ જુવેનાઈલ જસ્ટિસ એક્ટની કલમ ૮૧ અને ૮૨ મુજબ ગુનો નોંધાયો હતો.

કેસની વિગત જોતા રાજસ્થાનનું એક કુટુંબ પોતાના દીકરાના લગ્ન માટે યુવતી શોધી રહ્યું હતું. જેનો સંપર્ક ઈડરમાં રહેતા બાબુસિંહ સાથે થયો હતો. જેણે જણાવ્યું હતું કે, તેને પોતાની એક યુવાન પુત્રી છે. આથી બંને પક્ષો સંતાનોના લગ્ન માટે સહમત થયા હતા. આરોપી અને સગીરાના લગ્ન ઈડર ખાતે કરવામાં આવ્યા હતા. જેમાં બાબુસિંહે આરોપીના પરિવાર પાસેથી ૮ લાખ રૂપિયા લીધા હતા.

આરોપી સગીરાને લઈને રાજસ્થાન પહોંચતા સગીરાએ જણાવ્યું હતું કે, બાબુસિંહ તેના પિતા નથી અને તે પોતે સગીર વયની છે. હંસાબેન તેને ઈડર લઈને આવ્યા હતા. પીડિતાએ તેની મોટી બહેનને ફોન કરીને સઘળી હકીકત જણાવી હતી. જ્યારે સગીરાની માતાએ તેની ગાયબ થયાની પોલીસ ફરિયાદ પણ આપી હતી. પોલીસે આરોપીને રાજસ્થાનથી ઝડપી લીધો હતો. જ્યારે સગીરાની માતાએ આરોપી સામે વટવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. સગીરા સાથે આરોપીએ શારીરિક સંબંધ બાંધ્યા હોવાનું પણ સામે આવ્યું હતું.

# સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા મારી શાળા સલામત શાળા અભિયાન શરૂ કરાશે

ભારત હેડલાઈન, તા.૭

રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ કે જે શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉપરાંત અનેક સામાજિક, સેવાકીય, સાંસ્કૃતિક, પર્યાવરણ લક્ષી અને



લોક જાગૃતિના કાર્યક્રમો માટે હંમેશા અગ્રેસર હોય છે. ત્યારે ગુજરાત રાજ્યમાં છાશવારે બનતી દુર્ઘટના તેમજ રાજકોટ શહેરમાં તાજેતરમાં થયેલ ગેમઝોન અગ્નિકાંડને ધ્યાનમાં લઈ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ''મારી શાળા સલામત શાળા'' અભિયાન શરૂ કરવામાં આવનાર છે. આ અભિયાન થકી સલામતી અને સુરક્ષાની બાબતે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં ૩૬૦ ડિગ્રી સલામતી માટેની જાગૃતિ કેળવવામાં આવશે. જેમાં ફાયરની ટ્રેનીંગ ઉપરાંત અન્ય તમામ પ્રકારની સલામતીને ધ્યાનમાં લઈ અને કાર્યક્રમો, વર્કશોપ, તાલીમ તેમજ જનજાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવશે. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ શૈક્ષણિક વર્ષમાં એક વાર સલામતી સપ્તાહની ઉજવણી કરશે અને સમગ્ર વર્ષ દરમિયાન જન જાગૃતિના કાર્યક્રમો કરશે.

# વાવડી બાદ કોઠારિયામાં કારખાના સહિતના ગેરકાયદે બાંધકામ ઉપર બુલડોઝર ફર્યું

ભારત હેડલાઇન, તા.૭

રાજકોટ શહેરમાં જમીનના ભાવ આસમાને પહોંચી જતાં ભુમાફીયાઓએ સરકારી જમીન પર દબાણ કરવા લાગ્યા છે. લોકસભાની ચૂંટણીને કારણે સરકારી જમીન પર થયેલ દબાણો હટાવવાની કામગીરી પર રોક લગાવી દેવામાં આવી હતી. પરંતુ ચૂંટણી પૂર્ણ થતાં અને આચાસંહિતા હટી જતાની સાથે જ જિલ્લા કલેકટર પ્રભવ જોષીની સુચનાથી સરકારી જમીન પર થયેલા દબાણો હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે ત્યારે સતત બીજા દિવસે તાલુકા મામલતદારે કોઠારીયા ગામ નજીક સરકારી જમીન પર થયેલ દબાણો દૂર કરી ૫૦ કરોડની જમીન ખુલ્લી કરાવી હતી. રાજકોટનાં ઝડપી વિકાસ પામતા કોઠારીયા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ભુમાફીયાઓએ સરકારી જમીન દબાણ કરી કારખાના, ગેરેજ, મકાનો, દુકાનો ઉભી કરી બારોબર વેચી નાખી હોવાનું જિલ્લા કલેકટરના ધ્યાન પર આવતાં કલેકટર પ્રભવ જોષીએ આ બાબતે તપાસ કરવા તાલુકા મામલતદારને આદેશ આપ્યા હતાં.



**વહેલી સવારે કલેકટરની સૂચનાથી તાલુકા મામલતદાર ત્રાટકયા, સ્વાતિપાર્ક પાસે ૫૦ કરોડની જમીન ખુલ્લી કરાવી : પોલીસનો ચુસ્ત બંદોબસ્ત**

તાલુકા મામલતદાર મકવાણા, નાયબ મામલતદાર રઘુવીરસિંહ વાઘેલા, કિરીટસિંહ ઝાલા, સર્કલ ઓફિસર કથીરિયા અને તલાટી મંત્રી કલ્પનાબેન દ્વારા તપાસ કરતાં કોઠારીયા નજીક સ્વાતી પાર્ક મેઈન રોડ પર આવેલ સર્વે નં.૧૬૩ની ૧૬૦૦૦ ચો.મી.સરકારી જમીનમાં ભુમાફીયાઓએ દબાણ કરી રાતોરાત કારખાના, દુકાન, મકાન અને ગેરેજ બનાવી વેચી નાખ્યા હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે દબાણકર્તાઓને આખરી નોટિસ ઈસ્યુ કરવામાં આવી હતી. પરંતુ લોકસભાની ચૂંટણી હોય અને આચાર સંહિતા અમલમાં હોય દબાણ હટાવવાની કામગીરી અટકાવી દેવામાં આવી હતી.

ચૂંટણી પુરી થતાની સાથે જ કલેકટર પ્રભવ જોષીના આદેશથી ગઈકાલે તાલુકા મામલતદારે વાવડીમાં ઓપરેશન હાથ ધરી ૫૦ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવ્યા બાદ આજે સતત બીજા દિવસે તાલુકા મામલતદાર મકવાણા સહિતનો કાફલો વહેલી સવારે કોઠારીયા ગામે ત્રાટકયો હતો અને સરકારી જમીન પર થયેલા દબાણો પર બુલડોઝર ફેરવી દઈ જમીન ખુલ્લી કરાવી દીધી હતી.

તાલુકા મામલતદારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને પીજીવીસીએલના અધિકારીઓને સાથે રાખી ડિમોલીશન હાથ ધરી પટેલ ટ્રેડર્સ સહિત બે મોટા કારખાના, આઈખોડીયાર નામનું ગેરેજ, સાત થી આઠ દુકાન, ૨૫ થી ૩૦ બેલાના કાચા મકાનો એક વંડો તોડી પાડવામાં આવ્યો હતો.

## રાજકોટમાં નિઃશુલ્ક સહજ ધ્યાન યોગ શિબિર યોજાશે

ભારત હેડલાઇન, તા.૭

સહજ ધ્યાન યોગ ટ્રસ્ટ દ્વારા રાજકોટમાં તા. ૨૦ જૂનને ગુરુવારે સાંજ પાંચથી ૨૩ જૂન, રવિવાર સાંજે ૬ સુધીની સહજ ધ્યાન યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ટ્રસ્ટ દ્વારા રહેવા જમવા સાથેની આ કુલ ૩૦૮ મી નિઃશુલ્ક શિબિર છે. આ શિબિર વામકુક્ષી, કુવાડવા ચોકડીથી બે કિ.મી.કુવાડવા વાંકાનેર રોડ, રાજકોટ ખાતે યોજાશે. વધુ માહિતી માટે સંસ્થાની કચેરી જી.ટી. પરિસર, નક્ષત્ર હાઈટ્સની સામે, રૈયા ટેલિફોન એક્સચેન્જની બાજુમાં, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ. મો. ૯૪૨૬૨ ૫૯૬૩૧ તથા ૯૪૨૬૭ ૧૨૧૫૯ નો સંપર્ક કરવા સંસ્થાની યાદીમાં જણાવાયું છે. નોંધનીય છે કે, સહજ ધ્યાન યોગ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૨૮ વર્ષથી નૈસર્ગિક વાતાવરણમાં ધ્યાન યોગ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

# શહેરમાં સસ્તા ભાવે વેચાતા કેરીના રસમાં મોટી ધાંધલી, ૧૪ સ્થળેથી નમૂના લેવાયા

ભારત હેડલાઇન, તા.૭

મનપાના ફૂડ વિભાગ દ્વારા શહેરમાં સસ્તાભાવે વેચાતા કેરીના રસના વિક્રેતાઓ વિરુદ્ધ ચેકીંગ ઝુંબેશ શરૂ કરી છે. જે અંતર્ગત આજે ફરી વખત કેરીના રસના મામલે પેકીંગ અને લુઝમાં વેચાતા અલગ અલગ બ્રાન્ડના ૧૪ કેરીના નમુનાના સેમ્પલ લઈ પૃથકરણ અર્થે લેબમાં મોકલી આપ્યા હતાં. તેમજ ખાણી-પીણીના ૨૦ ધંધાર્થીઓને ત્યાં ચકાસણી હાથ ધરી ૧૮ નમુનાની સ્થળ ઉપર ચકાસણી કરી ૭ ધંધાર્થીઓને ફૂડલાયસન્સ અંગે નોટીસ આપવામાં આવી હતી. ફૂડ વિભાગ દ્વારા આજરોજ (૧) મેંગો જ્યુસ (લુઝ): સ્થળ- શીવ સાગર જ્યુસ પાર્લર, પંચવટી મેઈન રોડ, (૨) મેંગો મિલ્ક શેક (લુઝ): સ્થળ- મહેશ વિજય ડેરી ફાર્મ, અમિન માર્ગ, (૩) મેંગો મિલ્ક શેક (લુઝ): સ્થળ- પટેલ આઈસ્ક્રીમ, અમિન માર્ગ, (૪) મેંગો મિલ્ક શેક (લુઝ): સ્થળ- જય દ્વારકાધીશ રસ, પારેવડી ચોક, શ્રીજી બેકરી પાસે, (૫) કેરીનો રસ (લુઝ): સ્થળ- ભોલેનાથ રસ સેન્ટર, ચામુંડા સોસાયટી કોર્નર, કુવાડવા રોડ, (૬) મેંગો મિલ્ક શેક (લુઝ): સ્થળ- ચામુંડા સોસાયટી કોર્નર, કુવાડવા રોડ, (૭) મેંગો મિલ્ક શેક (લુઝ): સ્થળ- જય બજરંગ જ્યુસ સેન્ટર, સરદાર પટેલ નગર મેઈન રોડ, કુવાડવા રોડ, (૮) કેરીનો રસ (લુઝ): સ્થળ- જય બજરંગ જ્યુસ સેન્ટર, સરદાર પટેલ નગર મેઈન રોડ, કુવાડવા રોડ, (૯) મેંગો મિલ્ક શેક (લુઝ): સ્થળ- શ્રી ગોકુળ રસ ભંડાર, દીનદયાલ ઈન્ડ.એરિયા, સોસાયટી નં.૫, (૧૦) ફ્રૂટી મેંગો બે લીટર પેકેટ : સ્થળ- એવન્યુ સુપર માર્ટ લીમીટેડ, ડી-માર્ટ ગોંડલ રોડ, (૧૧) સ્લાઈસ ફ્રૂટ બોટલ (૧.૭૫



એમએલ): સ્થળ- એવન્યુ સુપર માર્ટ લીમીટેડ, ડી-માર્ટ ગોંડલ રોડ, (૧૨) રીયલ મેંગો ફ્રૂડ ડ્રીંક બે લીટર પેકેટ : સ્થળ- એવન્યુ સુપર માર્ટ લીમીટેડ, ડી-માર્ટ ગોંડલ રોડ, (૧૩) મેંગોમેરી ફ્રૂડ ડ્રીંગ એક લીટર પેકેટ : સ્થળ- એવન્યુ સુપર માર્ટ લીમીટેડ, ડી-માર્ટ ગોંડલ રોડ, (૧૪) રીયલ ફ્રુટ પાવર મેંગો ડ્રીંક એક લીટર પેકેટ : સ્થળ- એવન્યુ સુપર માર્ટ લીમીટેડ, ડી-માર્ટ ગોંડલ રોડ, ખાતેથી સેમ્પલ લઈ લેબમાં મોકલી આપ્યા હતાં. રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા- ફૂડ વિભાગ તથા NGO- સમજુ દેશી સોસાયટી, રાજકોટ દ્વારા આજ રોજ ૦૭ જૂન ૨૦૨૪, NGO વિશ્વ ખાદ્ય સુરક્ષા દિન (WORLD FOOD SAFETY DAY) તરીકે ઉજવવાનું આયોજન કરેલ છે. આ દિવસે જાહેર જનતાને ફૂડ સેફ્ટી અંગે માહિતી અને સમજણ મળી રહે તથા ખાદ્યચીજોમાં થતી ભેળસેળ (એડલ્ટ્રેશન) ની માહિતી આપવામાં આવશે. તેમજ ખાદ્યચીજોમાં ભેળસેળ તપાસવા અંગેના લાઈવ ડેમોસ્ટ્રેશન દર્શાવવા માટે સાંજે ૬ થી ૯ વાગ્યા સુધી બાલભવન ગેટ પાસે, રેસકોર્ષ, રાજકોટ મુકામે જાહેરમાં પ્રદર્શન રાખવાનું આયોજન કરેલ છે.

# વેકેશન ખુલતા સાથે શાળાઓ ખોલવા દેવા માંગ, NOC વગર મંજૂરી નહીં મળે : કમિશનર



## શાળા સંચાલક મંડળ ફરી મહાપાલિકામાં પહોંચ્યું, માત્ર નિયમ પાલન માટે બિલ્ડીંગ ખોલવા દેવાશે, તમામ ચકાસણી બાદ જ વપરાશની અપાશે પરવાનગી

ભારત હેડલાઈન, તા.૭

રાજકોટ શહેરમાં ફાયર સેફટી વગરની તમામ મિલ્કતોની ચકાસણી, બેદરકારી બદલ સીલીંગ સહિતની ઝુંબેશ સતત ચાલી રહી છે. ત્યારે ગઇકાલે વધુ ૮૪ એકમ સીલ કરવામાં આવ્યા હતા. આ દરમ્યાન આજે ફરી શાળા સંચાલક મંડળના હોદ્દેદારો મહાપાલિકાએ દોડી આવ્યા હતા અને તા.૧૩ના રોજ વેકેશન ખુલે તે પૂર્વે સ્કુલ બિલ્ડીંગ ખોલવા દેવા અરજીઓ સાથે રજુઆત કરી હતી. પરંતુ હાલ સરકારના માર્ગદર્શન અને સૂચના મુજબ સંપૂર્ણ કાર્યવાહી ચાલતી હોય, કમિશનર દેવાંગ દેસાઇએ એનઓસીની પાત્રતા થાય તે બાદ જ વપરાશ માટે બિલ્ડીંગ ખોલવા દેવામાં આવશે તેવું ફરી કહ્યું હતું. રાજકોટમાં નામાંકિત સહિતની અનેક શાળાઓના બિલ્ડીંગ ફાયર સેફટીના વાંકે સીલ કરવામાં આવ્યા છે.

અનેક શાળાઓમાં સુવિધા અને સાધનો ઇન્સ્ટોલ રાખવામાં ખામીઓ દેખાઇ છે. તંત્ર સાધનો વસાવવા અને ફાયર સેફટીના જરૂરી નિયમોની અમલવારી કરવા બિલ્ડીંગ ખોલવા પરવાનગી આપે છે. આજે અનેક સંચાલકોએ ફરી આ અંગે અરજી કરી હતી અને ત્રણ ડે.કમિશનરની કમીટી જરૂરી તપાસ કરીને અરજી મંજૂર કરે છે.સંચાલકો એવું કહે છે કે ૨૦૨૧ના ફાયર સેફટી નિયમો અનુસાર તેઓએ શાળામાં ફાયર સેફટીની વ્યવસ્થા કરી છે પરંતુ ૨૦૨૩માં નવા નિયમ આવ્યા બાદ તેની અમલવારી માટે તંત્રએ કોઇ તાકીદની સૂચના આપી નથી. હવે એકાએક નવા નિયમ હેઠળ કડક કાર્યવાહી ચાલે છે. તેમાં રાહતની જરૂરીયાત છે.

મનપા અંગે રસ્તો કાઢે તેવી માંગણી કરી હતી. આ અંગે કમિશ્નર દેવાંગ દેસાઇએ જણાવ્યું હતું કે જે શાળા સંકુલો ફાયર એનઓસીના ડાયરામાં આવતી હોય તેઓને બિલ્ડીંગ સલામત કરવા, નિયમ વિરૂધ્ધના ડોમ દુર કરવા, સાધનો વસાવવા પૂરતી જ બિલ્ડીંગ ખોલવા મંજૂરી આપવામાં આવશે. એક એક ફાઇલનો અભ્યાસ કરીને કમીટી આ મંજૂરી હંગામી ધોરણે સીલ ખોલી આપે છે.

શાળા જેવી કેટેગરી માટે કોઇ અલગ છુટછાટ નથી. એનઓસી વગર કોઇ મિલ્કત ન ખોલવા દેવી એવી સરકારની સૂચનાનો અમલ કરવામાં આવી રહ્યો છે જે શાળા એનઓસી મેળવે તેને બિલ્ડીંગ ખોલવા દેશે. ચકાસણી માટેની કાર્યવાહી પણ ઝડપથી કરી અપાશે. સ્કુલના સ્ટ્રકચર, ડોમ અંગે સ્ટેબીલીટીની ચકાસણી પણ ટીપી શાખા દ્વારા સીજીડીસીઆર હેઠળ કરવામાં આવશે. શાળા સંકુલો માટે કોઇ જનરલ નિયમ નથી અને દરેક બિલ્ડીંગવાઇઝ ચકાસણી જરૂરી છે. પાર્કિંગ, માર્જીન, સીડી એરીયા સહિતની ચકાસણી પણ કરીને અંતિમ મંજૂરી આપવામાં આવશે.

# રાજકોટ ખાતે સક્ષમ શાળા એપ્લિકેશન અન્વયે બે દિવસીય તાલીમ યોજાઈ



ભારત હેડલાઈન, તા.૭

રાજકોટ જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટરશ્રી દિક્ષિત પટેલના માર્ગદર્શન હેઠળ સક્ષમ શાળા-એપ્લિકેશન અને તેની માર્ગદર્શિકા અંગે ક્વોલીટી એજ્યુકેશન અને મોનીટરીંગ કો-ઓર્ડીનેટરશ્રી સોનલબેન દવે દ્વારા તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાના ૧૦૧ સી.આર.સી. કો- ઓર્ડીનેટર, ટી.આર.સી., અને ૧૧ બી.આર.સી. કો-ઓર્ડીનેટર સામેલ થયા હતા. આ તાલીમ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, ઢેબર રોડ, રાજકોટ ખાતે ૬ અને ૭ જૂન દરમિયાન યોજાઇ હતી,સમગ્ર શિક્ષા કાર્યક્રમ શાળાઓમાં ઉત્તમ અને સર્વગ્રાહી શિક્ષણ પૂરું પાડવા માટે સતત કાર્યરત છે. જેને વધુ પ્રભાવશાળી અને જવાબદાર બનાવવા માટે સમગ્ર શિક્ષા, ગુજરાત દ્વારા ''સક્ષમ શાળા કાર્યક્રમ'' તૈયાર કરવામાં આવેલ છે. સ્વચ્છતા, હરિયાળી, સુરક્ષા અને સમાવેશ જેવા ચાર મુખ્ય ઘટકોને ધ્યાનમાં રાખીને શાળામાં સ્થિતિસ્થાપકતાનું નિર્માણ કરવા અને ઈકોસિસ્ટમ પ્રત્યેની જવાબદારીથી શાળાઓને અવગત કરાવી બાળકોને સ્વચ્છ, સ્વસ્થ અને સલામત વાતાવરણ પૂરું પાડવા માટે યુનિસેફના સહયોગથી સક્ષમ શાળા-એપ્લિકેશન અને તેની માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે, તેમ જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટરશ્રી દિક્ષિત પટેલની યાદીમાં જણાવાયું છે.

# ૧૦૮ના કર્મીઓની નખશીખ પ્રમાણિકતા : આઈફોન સહીત રૂ.૧.૪૫ લાખની કિંમતના મોબાઈલ પરત કર્યા

ભારત હેડલાઈન, તા.૭

૧૦૮ ની ઓળખ માત્ર ઇમરજન્સી સારવાર પૂરતી જ સીમિત ન રહેતાં પ્રમાણિકતા માટે પણ નેત્રદિપર સાબિત થઈ રહી છે. જેના અસંખ્ય ઉદાહરણ દિન-પ્રતિદિન જોવા મળી રહ્યા છે. જેનો દાખલો તાજેતરમાં કુવાડવા ૧૦૮ ની કર્તવ્યનિષ્ઠ ટીમે પૂરો પાડ્યો છે. ગત તા. ૦૪-૦૬-૨૦૨૪ ના રોજ પીપળીયા ગામથી રાજકોટ તરફ સગાઈના પ્રસંગમાંથી કાર ચલાવી પરત આવતા ૨૦ વર્ષના વિમલભાઈ ચૌહાણ સ્ટીયરીંગ પર કાબૂ ગુમાવતા અચાનક કાર પલટી મારી જતાં વાહન અકસ્માત સર્જાયો હતો. જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. આ બનાવ અંગે ૧૦૮ ને જાણ કરવામાં આવતા નજીકના સ્થળે ઉપસ્થિત કુવાડવા ૧૦૮ ટીમ રવાના થઈ હતી. સ્થળ પર પહોંચતા ઘાયલ વિમલભાઇ ચૌહાણને તપાસતા તેઓ બેભાન હાલતમાં મળી આવેલ હતા. તેમને માથાના ભાગ તેમજ પગના ભાગ પર ઈજા પહોંચી હતી. ટીમ દ્વારા દર્દીને સ્થળ પર પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ, રાજકોટ ખસેડવામાં આવ્યા હતા. દર્દીની ઓળખ માટે ઈ.એમ.ટી. જગદીશભાઈ બાવળીયા અને પાઈલોટ જીતેન્દ્રભાઈ કાગડિયાએ તપાસ કરતાં તેમની પાસેથી ૦૪ મોબાઈલ મળી આવ્યા હતાં. જેમાં વન પ્લસ ૪૫૦૦૦/- એપલ આઇ ફોન ૫૦૦૦૦/-, અને સેમસંગ કંપની ના ૦૨ મોબાઈલ અંદાજિત રૂ. ૫૦૦૦૦/- મળી કુલ



અંદાજિત રૂ. ૧.૪૫ લાખનાં મોબાઈલ વિજયભાઈના પરિવારજનોનો સંપર્ક કરી તેમને પરત કરવામાં આવ્યાં હતાં. કુવાડવા ૧૦૮ લોકેશનની ટીમે પ્રમાણિકતા દર્શાવતા ઘાયલ દર્દીના પરિવારજનોએ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. ૧૦૮ રાજકોટના પ્રોજ્ક્ટ મેનજરશ્રીએ ટીમની પ્રમાણિકતાને બિરદાવી હતી. રાજ્ય સરકાર દ્વારા સેવારત ૧૦૮ સેવા ઘાયલો માટે ઈમરજન્સીમાં થોડી મિનિટોમાં જ સ્થળ પર પહોંચી ગોલ્ડન ટાઈમમાં દર્દીઓના જીવન રક્ષક તરીકેની આગવી ભૂમિકા ભજવી રહી છે.

# રાજકોટ શહેરમાં RTO દ્વારા ૧૩૫ સ્કૂલવર્ધીના વાહનચાલકોને નોટિસ

ભારત હેડલાઈન, તા.૭

આગામી તા.૧૩મીથી શાળાઓમાં વેકેશન પૂર્ણ થતા શિક્ષણકાર્યનો પ્રારંભ થશે તે અગાઉ સ્કૂલવર્ધીના વાહનોમાં ફિટનેસ સહિત સેફ્ટી અંગેની કામગીરી પૂરી કરવા માટે તંત્ર દ્વારા સુચના આપવામાં આવી હતી અને આજથી તે અંગે ચકાસણી કરવામાં આવી જેમાં ૧૩૫ જેટલા વાહનોને નોટીસ ફટકારવામાં આવી છે.



રાજકોટ આરટીઓ કચેરી દ્વારા આજે સ્કૂલવર્ધીના વાહનોમાં ફિટનેસ અંગે ચકાસણીની કામગીરી કરવામાં આવી હતી. જેમાં વિવિધ ચોકમાં કામગીરી કરતી સ્કૂલવર્ધીમાં ચાલતા ૧૩૫ જેટલા વાહનોમાં ફિટનેસ નહી જણાતા આરટીઓ દ્વારા નોટીસ ફટકારવામાં આવી હતી અને ૧૩મી પહેલા ફિટનેસની કામગીરી પૂર્ણ કરવા માટે સુચના આપવામાં આવી છે અને આગામી દિવસોમાં ક્ષતિ જણાશે તો ડિટેઈન કરવામાં આવશે.

વધુમાં આરટીઓ સુત્રોએ જણાવ્યુ હતુ કે તા.૧૩મી જૂન સુધીમાં તમામને કામગીરી કરવા જણાવાયુ છે અને ત્યારબાદ શાળાઓ શરૂ થતાની સાથે જ સ્કૂલવર્ધીના વાહનોમાં ત્રાટકવામાં આવશે અને કોઈપણ જાતની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં. તેમજ સ્કૂલવર્ધીના વાહન ચાલકોને બાળકો બેસાડવાની પણ માર્ગદર્શીકા આપવામાં આવી છે. જે મુજબ બાળકો બેસાડી શકશે. તેમજ આ કામગીરી દરમ્યાન બાળકોને હેરાનગતિ ન થાય તે માટેની તકેદારી રખાશે.

## ગુરૂવારથી ખાનગી શાળાઓ શરૂ કરવા સંચાલક મંડળ મકકમ

### ફાયર NOC મેળવવા માટે કાર્યવાહી, મ્યુનિ. કોર્પો.નો સહયોગ જરૂરી : શાળા સંચાલકો

ભારત હેડલાઈન, તા.૭

રાજકોટ શહેર જીલ્લાની તમામ ખાનગી શાળાઓ નવા શૈક્ષણિક સત્રનો



પ્રારંભ થતાની સાથે જ તા.૧૩ થી શરૂ કરવા માટે રાજકોટ જીલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળે મકકમતા દર્શાવી હતી. રાજકોટમાં ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડના પગલે ફાયર એનઓસીના મુદ્દે મ્યુનિ. કોર્પો. દ્વારા શૈક્ષણિક સંસ્થાઓને ધડાધડ સીલ મારવામાં આવી રહ્યા છે તેમજ અનઅધિકૃત રીતે ખડકાયેલા ડોમ સ્ટ્રકચરને હટાવી લેવામાં માટે પણ તાકીદ કરવામાં આવી છે. ફાયર એનઓસી વગરની ખાનગી શાળાઓને મરાયેલા સીલના મામલે શાળા સંચાલક મંડળના હોદેદારોએ આજે મ્યુનિસિપલ કમિશ્નર સમક્ષ દોડી જઈ રજૂઆત કરી હતી. સંચાલકોએ જણાવ્યું હતું કે ફાયર એનઓસી મેળવવા જરૂરી ડોકયુમેન્ટ શાળાઓની કચેરીઓમાં પડયા છે પરંતુ સીલ મરાયેલા હોવાથી તેઓ શાળાઓમાં તેઓ જઈ શકતા નથી માટે શાળાઓને મારેલા સીલ હંકામી રીતે ખોલી આપવામાં આવે તો તેઓ ડોકયુમેન્ટ મેળવી જરૂરી અરજી મ્યુ.કોર્પો,માં પહોંચાડી શકે.ફાયર એનઓસી મેળવવા માટે તમામ કાર્યવાહી શાળા સંચાલકો દ્વારા કરવામાં આવી રહી છે પરંતુ મ્યુ.કો.ના સહયોગ તેટલો જ જરૂરી છે. આગામી તા.૧૩ થી નવા શૈક્ષણિક સત્રથી શાળાઓ શરૂ કરવા માટે સંચાલકો મકકમ છે તેમ શાળા સંચાલકોએ જણાવ્યું હતું

## જિલ્લા પંચાયતની બેડી-૩ સીટમાંથી જંગી લીડ સાથે રૂપાલાને વિજયી બનાવવા બદલ આભાર વ્યક્ત કરતાં સુમિતાબેન ચાવડા

### બેડી–૩ સીટ હેઠળ પરાપીપળિયા, બેડી અને ગવરીદળ તાલુકા પંચાયત સીટમાંથી ગ્રામ્ય જનતાએ ભાજપ તરફી જંગી મતદાન કરી કુલ ૫૭૦૭ની લીડ અપાવી



ભારત હેડલાઈન, તા.૭

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ ની વિકાસની રાજનીતિ મા વિસ્વાસ વ્યક્ત કરી ભાજપ તરફી જંગી મતદાન કરી રાજકોટ ૧૦ વિધાનસભા બેઠકના ઉમેદવાર પુરષોત્તમ રૂપાલાજીને વિજયી બનાવવા બદલ રાજકોટ બેડી-૩ સીટના સૌ મતદારોનો જિલ્લા પંચાયતના પૂર્વ આઈસીડીએસ ચેરમેન તથા સભ્ય સુમિતાબેન રાજાભાઈ ચાવડાએ આભાર વ્યક્ત કર્યો હતો.

જિલ્લા પંચાયતના પૂર્વ આઈસીડીએસ ચેરમેન તથા સભ્ય સુમિતાબેન રાજાભાઈ ચાવડાએ એક અખબારી નિવેદનમાં જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીના નેતૃત્વમા અને ભાજપના વડપણ હેઠળની એનડીએ સરકારના ૧૦ વર્ષના કાર્યકાળ દરમ્યાન દેશના આર્થિક અને સર્વાંગી વિકાસ, કુશળ વિદેશ નિતિ અને વિકસીત ભારતના સંકલ્પને સાકાર કરવાની પ્રતિબધ્ધતા જેવા કર્યોને ધ્યાનમાં રાખીને રાજકોટ જિલ્લા પંચાયતની બેડી-૩ સીટ હેઠળ પરાપીપળિયા, બેડી અને ગવરીદળ તાલુકા પંચાયત સીટમાંથી ગ્રામ્ય જનતાએ ભાજપ તરફી જંગી મતદાન કરી કુલ ૫૭૦૭ની લીડ અપાવી પુરષોત્તમ રૂપાલા સાહેબને રેકોર્ડ લીડથી વિજયી બનાવવા બદલ રાજકોટ જીલ્લાના તમામ ચુંટાયેલા જનપ્રતિનિધિઓ, જિલ્લા ભાજપ સંગઠનના તમામ હોદ્દેદારો ,કાર્યકર્તાઓ, તમામ મોરચાના હોદેદારો,સહકારી આગેવાનો, સરપંચો, સામાજિક સંસ્થાના આગેવાનો તેમજ જિલ્લાની ગ્રામ્ય જનતાનો જિલ્લા પંચાયતના પૂર્વ આઈસીડીએસ ચેરમેન તથા સભ્ય સુમિતાબેન રાજાભાઈ ચાવડાએ આભાર વ્યક્ત કર્યો હતો.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડીર–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# સાંઢીયા પુલના કામ માટે મશિનરી અને મેનપાવર વધારવા મ્યુ. કમિશનર દેવાંગ દેસાઈનો આદેશ

## આર્ટગેલેરી, સ્પોર્ટસ ગેલેરી સાથે પોપટપરા અને પેડક રોડના વોંકળાની કમિશનરે લીધી મુલાકાત



ભારત હેડલાઇન, તા.૭

રાજયમાં ચૂંટણી આચારસંહિતા પૂરી થઇ ગઇ છે અને મહાપાલિકા કચેરીમાં પદાધિકારીઓએ પોતપોતાની ચેમ્બરમાં અને વિસ્તારોમાં કામગીરી સંભાળી લીધી છે ત્યારે કમિશ્નર દેવાંગ દેસાઇએ પણ મહત્વના પ્રોજેકટની સાઇટ વિઝીટ માટે પહોંચી ગયા હતા. હવે રાજકોટ માટેના સૌથી મહત્વના અને કદાચ વાહન વ્યવહારને સૌથી અસર પાડી શકે તેવા સાંઢીયા પુલની જગ્યાએ નવા ફોરલેન બ્રીજની મુલાકાતે પહોંચ્યા હતા. આ ઉપરાંત રેસકોર્સમાં આર્ટ ગેલેરી, સ્પોર્ટસ ગ્રાઉન્ડમાં વ્યુવિંગ ગેલેરી ઉપરાંત પોપટપરા અને પેડક રોડના વોંકળાની પણ મુલાકાત લીધી હતી. શહેરના રેસકોર્ષ ખાતે બની રહેલ આર્ટ ગેલેરી, વ્યુંવિંગ ગેલેરી, જામનગર રોડ પર બની રહેલ સાંઢીયા પુલ બ્રિજ અને પોપટપરા વોંકળા તેમજ પેડક રોડ પરના વોંકળાની મુલાકાત દરમ્યાન ચાલુ કામગીરીની સમીક્ષા કરી હતી અને અધિકારીને સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા સુચના આપી હતી. કમિશનરે આર્ટ ગેલેરીની ચાલી રહેલ કામગીરી વિશે જણાવ્યું હતું કે, રૂ. ૫,૯૦,૮૦,૧૭૫ના ખર્ચે ૯૭૬.૦૦ ચો.મી. ક્ષેત્રફળમાં આર્ટ ગેલેરી એકઝીબીશન હોલ બનાવવામાં આવી રહ્યો છે, જેમાં ગ્રાઉન્ડફ્લોર પર મલ્ટીપર્પઝ ગેલેરી એક્ઝિબિસન હોલ, સ્ટોરરૂમ, ટોઇલેટ બ્લોક, વોટરરૂમ, ઇલેકટ્રીકરૂમ, લીફટ તથા અન્ય બે ગેલેરી તેમજ ફસ્ટ ફલોર પર બે ગેલેરીનો સમાવેશ થાય છે. તેમજ આ રેસકોર્ષ સંકુલમાં આર્ટ ગેલેરીનું કામ થવાથી આર્ટિસ્ટોને તેમની કલાનાં પ્રદર્શન માટે એક પ્લેટફોર્મ મળી રહેશે. હસ્તકલા, પેઇન્ટીંગ તથા અન્ય પ્રદર્શનો થઇ શકશે. દર વર્ષે આર્ટ ગેલેરીનો અંદાજીત ૧ લાખથી વધુ નાગરિકોને લાભ મળી રહેશે.વ્યુંવિંગ ગેલેરી અંગે જણાવ્યું હતું કે, રૂ.૩.૭૪ કરોડના ખર્ચે બની રહેલ આ ગેલેરીમાં પ્લેયર્સ માટે ચેન્જિંગ રૂમ, વેઇટિંગ એરિયા, હોકી ગ્રાઉન્ડ અને ફૂટબોલ ગ્રાઉન્ડમાં બોથ સાઈડ પ્રેક્ષણ ગેલેરી, ટોઇલેટ બાથરૂમ વેગેરે સુવિધા ઉપલબ્ધ થશે. જામનગર રોડ પર બની રહેલ સાંઢીયા પુલ બ્રિજની વિઝિટ કરી કમિશ્નરે જરૂરી આયોજન કરી કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવા જણાવ્યું હતું તેમજ જરૂર પડે તો મેનપાવર અને મશીનરી વધારીને કામગીરી ઝડપી પૂર્ણ કરવા સુચના આપી હતી. આ જગ્યાએ પુલ તોડવાનું કામ શરૂ કરાયું છે. રાજકોટનો આ પહેલો એવો બ્રીજ છે કે જે તોડીને નવો બનાવવામાં આવી રહ્યો છે. આ ડિસમેન્ટલનું કામ ચારેક મહિના ચાલે તેમ છે તે બાદ નવો ફોરલેન બ્રીજ બનાવવાનું શરૂ થશે. કમિશનરે ઇજનેરો પાસેથી ટેકનીકલ વિગતો લીધી હતી અને ૬૭૦ મીટર લાંબા બ્રીજના કામ માટે પોતાના ઔડાના ખુબ જ ઉપયોગી ટેકનીકલ અનુભવ પરથી જરૂરી સુચનાઓ પણ આપી હતી. વોર્ડ નં.૩માં આવેલ પોપટપરા વોંકળો અને વોર્ડ નં.૬માં પેડક રોડ પર આવેલ વોંકળાની મુલાકાત કરી સફાઈ અને વરસાદી પાણીના નિકાલ માટે અધિકારીઓને સૂચના આપી હતી. આ વિઝિટ દરમ્યાન ડે. કમિશનર હર્ષદ પટેલ, સિટી એન્જી. અતુલ રાવલ, અઢીયા, પર્યાવરણ ઈજનેર નિલેશ પરમાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં ઉમિયાધામ સિદસર સંચાલિત ઉમાભવન દર્દી નારાયણની સેવાનું કેન્દ્ર બનશે

- ફિઝિશ્યન, હાડકા, બાળ નિષ્ણાંત, પેટના રોગો, સ્ત્રી રોગ, કેન્સર, ફેફસા, ન્યુરો જેવા વિભાગોની OPD
- યુનિ. રોડ ખાતે ઉમા આરોગ્ય કેન્દ્રનો શુભારંભ
- સ્પેશ્યાલીસ્ટ સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરોની સેવા ઉપલ્બધ થશે

ભારત હેડલાઇન, તા.૭

રાજકોટ આવતા દરેક દર્દી નારાયણ માટે ઉમા ભવનમાં એક સુવિધાસભર આરોગ્ય કેન્દ્રની સેવાઓ ઉપલ્બધ બને તે હેતુસર શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ સિદસર દ્વારા સંચાલીત માતુશ્રી જેઠીબેન ગોરધનભાઇ ગોવાણી ઉમા ભવન ખાતે 'ઉમા આરોગ્ય કેન્દ્ર' નો શુભારંભ કરવામાં આવ્યો છે. રાજકોટના યુની. રોડ સ્થિત આલાપ એવન્યુ પાસે જે.કે.ચોક, ખાતે એક અત્યાધુનીક, સુવિધા સંપન્ન 'ઉમા આરોગ્ય કેન્દ્ર'ની શરૂઆત કરવામાં આવી છે. આ આરોગ્ય કેન્દ્રમાં રાજકોટના નામાંકિત સ્પેશ્યાલીસ્ટ સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરો સેવા આપશે. આ ઉપરાંત રાહતદરે વિવિધ મેડીકલ ટેસ્ટ તથા લેબોરેટરી સુવિધા ઉપલ્બધ કરાવવામાં આવશે. ઉમા આરોગ્ય કેન્દ્રમાં વિવિધ વિભાગોની ઘડઉ સોમવારથી શુક્રવાર સવારે ૯ થી ૧૦ અને સાંજે ૪ થી ૫ દરમ્યાન ચાલુ રહેશે. લેબોરેટરી સેવાઓ તથા ફીઝીયોથેરાપી વિભાગ સવારે ૮ થી સાંજે ૬ સુધી ચાલુ રહેશે. ઉમાભવન ખાતે ઉમા આરોગ્ય કેન્દ્રમાં વિવિધ વિભગોમાં વિવિધ સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરોની સોમવારથી શુક્રવાર દરમ્યાન સવાર અને સાંજ સમયના સ્લોટ મુજબ સેવાઓ ઉપલ્બધ કરાશે. મેડીકલ ચેરમેન ડો. કિર્તી પટેલ, તથા કન્વીનર ડો. દિપેશ ભલાણીના જણાવ્યા મુજબ એમ.ડી. ફિઝીશ્યન વિભાગમાં સોમવારે ડો. કિશન વાછાણી, ડો. અમીત રૂપાલા, મંગળવારે ડો. શ્રૃતી કણસાગરા, ડો. જીગર પાડલીયા, બુધવારે ડો. સીમા ભાલોડીયા, ડો. વસંત કાસુન્દ્રા, ગુરૂવારે ડો. ભાવીન ફળદુ, ડો. વિશાલ સદાતીયા, શુક્રવારે ડો. વિશાલ મેવા, ડો. બેન્જામીન પનારા, ડો. બીપીન પટેલ, હાડકાના સર્જન તરીકે સોમવારે ડો. ધીરેન ફળદુ, મંગળવારે ડો. હિરેન આકોલા, ડો. કવિત પટેલ, બુધવારે ડો. હિમાંશુ કાનાણી, ડો. ધર્મેશ પટેલ, ડો. વિરલ ડઢાણીયાની સેવાઓ ઉપલ્બધ રહેશે.

# ન્યારી ડેમ પાસે ફ્લેટમાંથી ચોરી કરનાર બેલડી ઝબ્બે

રાજકોટના ન્યારી ડેમ સામે આવેલ સફલ બિલ્ડીંગના ફલેટ નં. ૧૦૧માં રહેતા મુળ ભાણવડ તાલુકાના પાછતર ગામના વતની પ્રકાશભાઈ કરશનભાઈ કોરણાએ ચોરી અંગે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું છે કે ખાનગી રીસોર્ટમાં એકાઉન્ટન્ટ તરીકે ત્રણેક વર્ષથી નોકરી કરે છે તેમજ ફલેટમાં તેની સાથે રીસોર્ટમાં નોકરી કરતા રાહુલ ધ્રાંગીયા, સુભાષ ગોહેલ, નયન ચૌધરી પણ સાથે રહે છે. ગત તા. ૪ ના ફલેટ બંધ કરી કામ પર ગયા હતાં બાદમાં બપોરના ફલેટ પર પહોંચતા તાળુ તુટેલી હાલતમાં જોવા મળ્યુ હતું તેમજ અંદરનો સામાન વેરિવખેર હાલતમાં હતો પ્રકાશ અને રાહુલનું ATM ચોરી થઈ ગયું હતું તસ્કરોએ બન્નેના ATMમાંથી રૂ.૧૨,૩૦૦ની રોકડ ઉપાડી લીધી હતી તેમજ ત્રણ ચશ્મા, ત્રણ ઘડીયાળ અને ટ્રીમર મળી રૂ.૩૪ હજારની ચોરી થયાની ફરીયાદ નોંધાવતા તાલુકા પીઆઈ હરીપરા સહીતના સ્ટાફે મેટોડામાં રહેતા સંજય ઉર્ફે સન્ની કમલાકર ગાયકવાડ અને નિલેશ બાબુ સોલંકીને ઝડપી લઈ ૩૪૦૦૦નો મુદ્દમાલ કબ્જે કરી ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો છે.

# રઘુવંશી ફ્રેન્ડસ લેડીસ એન્ડ ચિલ્ડ્રન કલબ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી





## • જાગૃતિ ખીમાણીની સામાજિક સેવાની પ્રસંશા

ભારત હેડલાઇન, તા.૭

રઘુવંશી ફ્રેન્ડસ લેડીસ એન્ડ ચિલ્ડ્રન ક્લબ દ્વારા તા. ૫ ને બુધવારના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે ફ્રી રોપા વિતરણ કાર્યક્રમમાં ફળ, ફુટ, ઔષધીય અને તુલસીના રોપાનું વિતરણ કરેલ હતું. નિર્મલા રોડ ખાતે અને અમૃતેશ્વર મહાદેવ મંદિર ખાતે આ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. સાથે જય ફાઇનાન્સ સર્વિસ જયભાઈ કોટક, મીરાબેન કોટક દ્વારા બહેનોને મ્યુચ્યુઅલ ફંડ અને એસઆઈપીની માહિતી આપવામાં આવેલ હતી અને સાથે ભોજન લઈને છૂટા પડેલ હતા. ઉપસ્થિત રહેલ એવા બાળ વૈજ્ઞાનિક નીલ અને વૃતિકા ઉપસ્થિત રહેલા હતા અને જીમીભાઈ અડવાણી, મનીષભાઈ રાયમગિયા, બ્રહ્મ સમાજ અગ્રણી શ્રીમતી લીનાબેન શુક્લ, ભાજપ શહેર મહિલા મોરચા મંત્રી સેજલબેન ચૌધરી, વોર્ડ નંબર ૧ પ્રમુખ જ્યોતિબેન હિંગુ, ઉપપ્રમુખ મયુરીબા, આશાબા વાઘેલા, નેહાબેન રારછ, વોર્ડ ૧૮ મહામંત્રી શ્રીમતી સોનલબેન સોમૈયા, પ્રેસિડન્ટ રોનકબેન પારેખ, રઘુવંશી લેડીસ ક્લબના પ્રેસિડેન્ટ શ્રીમતિ બિંદિયાબેન અમલાણી, રઘુવંશી સાહેલી ગ્રુપના પ્રેસિડેન્ટ શ્રીમતિ હેમાબેન કકકડ, હેમાલી રાજાણી, દીપેનભાઈ રાજાણી, જેકીભાઈ કક્કડ, જુગનુંબેન સોનપાલ, ઉર્મિલાબેન કકકડ અને ક્લબના તમામ મેમ્મર્સ બહેનો પણ ઉપસ્થિત રહેલ હતા તેમ ક્લબ પ્રેસિડેન્ટ જાગૃતિ ખીમાણીની યાદીમાં જણાવાયું છે.

# પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા મોં અને ગળાના કેન્સરનો નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાશે

પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ અને ઓન્કોલોજી એસોશિએટસ હેલ્થ કેર ગ્લોબલના સંયુક્ત ઉપક્રમે આવતીકાલે સવારે ૯ થી ૧૦ પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ 'કિલ્લોલ' ૧-મયુરનગર ભાવનગર રોડ ખાતે નિઃશુલ્ક મો અને ગળાના કેન્સરનો નિદાન કેમ્પ યોજાશે. આ તકે કેન્સર નિષ્ણાંત ડો. પરિન પટેલ સેવા આપશે. જેમાં મોં, ગળુ, જડબાના કેન્સરનું નિદાન કરી આપવામાં આવશે. આરોગ્ય ક્ષેત્રે જરૂરિયાત મંદ દર્દીઓના સેવાર્થે પૂજીત રૂપાણી ટ્રસ્ટના મુખ્ય બિલ્ડીંગમાં ઓપીડી સેન્ટર કાર્યરત છે. આ તકે દર બુધવારે સવારે ૯ થી ૧૨ નિઃશુલ્ક નિદાન તથા સારવાર આપવામાં આવશે. પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ સેન્ટરના પ્રમુખ વિજયભાઇ રૂપાણી, ટ્રસ્ટીઓ પ્રવિણભાઇ રૂપાણી, અંજલીબેન રૂપાણી, રંજનબેન રૂપાણી, મહેશભાઇ ભટ્ટ, મેહુલભાઇ રૂપાણી, રાજેશભાઇ રૂપાણી, અમીનેશભાઇ રૂપાણી તેમજ ટ્રસ્ટની મેડીકલ કમિટિના મેમ્બર્સ અંજલિબેન રૂપાણી, ડો. જૈમનભાઇ ઉપાધ્યાય, ડો. નયનભાઇ શાહ, ડો. વિભાકરભાઇ વચ્છરાજાની, દિવ્યેશભાઇ પટેલ અને બીપીનભાઇ વસા જહેમત ઉઠાવી રહ્યાં છે.

# નવનાત વણિક સમાજ સંગઠનને છ વર્ષ પૂર્ણ થતા અનેકવિધ સત્કાર્યો થકી ઉજવણી કરાશે

ભારત હેડલાઇન, તા.૭

નવનાત વણિક સમાજ સંગઠનને ૬ વર્ષ પુર્ણ થઈ રહ્યા છે. આ સંગઠનમાં ૬૬,૦૦૦ વણિક બંધુઓ જોડાઈ ગયા છે. જેના ઉત્સાહમાં તા.૮ જૂનને શનિવારે ગુજરાતના તમામ જિલ્લામા વણિક સંગઠન પર્વની ઉજવણી કરવામાં આવશે. જેમાં સેવા, સત્કર્મ સત્કાર્ય સાથે મહાઆરતી પ્રસાદ તેમજ હોસ્પિટલ, વૃદ્ધાશ્રમ, અનાથ આશ્રમ, ઝુંપડપટ્ટીમાં અન્નદાન, ફળ વિતરણ તથા ગૌશાળામાં સેવાકીય પ્રવૃતિ સાથે ઉજવણી કરવામાં આવશે. આ કાર્યને સફળ બનાવવા પ્રશાંતભાઈ શાહ, દિનેશભાઈ મોદી, જસ્મીનભાઈ દેસાઈ, નયનભાઈ રાણપરા, રવિભાઈ દોશી અને નમ્રતાબેન શાહ વિગેરે પ્રયત્નશીલ બન્યાં છે.




# રોટરી મીડટાઉન હોંશિયાર, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપશે

### દયા કુંવરબેન અને ટપુભાઈ મહેતા સ્કોલરશિપ અંતર્ગત અંડર ગ્રેજ્યુએટ અભ્યાસ માટે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી મેડિકલ. ઈજનેરી, ટેકનિકલ વગેરે માટે વિતરણ કરાશે

ભારત હેડલાઇન, તા.૭

રાજકોટની અગ્રીમ સેવા સંસ્થા રોટરી મીડટાઉનના સહયોગથી ટપુભાઈ મહેતા અને દયાકુંવરબેન મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આર્થિક રીતે જરૂરિયાતમંદ વર્ગના હોંશિયાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહનાર્થે બે પ્રકારની સ્કોલરશીપ શરૂ કરવામાં આવી છે. અંડરગ્રેજ્યુએટ અભ્યાસ માટે ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહ પછી મેડીકલ. ઈજનેરી, ટેકનીકલ વગેરે અભ્યાસ માટે પ્રતિવર્ષ રૂ. ૨૦,૦૦૦/- સુધીની સહાય મળી શકશે. પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસ માટે કોઈપણ વિદ્યાશાખામાંથી ઉપાધી પ્રાપ્ત કર્યા પછી MD, MS, MDS, ME, MCA વગેરે ઉચ્ચ અભ્યાસ માટે પ્રતિવર્ષ રૂ.૨૦,૦૦૦/- સુધીની શિષ્યવૃત્તિ મળી શકશે.બંને પ્રકારની શિષ્યવૃતિઓ માટે જે તે પરિક્ષાના પરિણામ, આર્થિક સ્થિતિ તેમજ પસંદગીના અભ્યાસક્રમના પ્રવેશને ધ્યાનમાં લેવામાં આવશે. આ સ્કોલરશીપનો લાભ સમગ્ર રાજકોટ જીલ્લાના વિદ્યાર્થીઓને મળશે.આ સ્કોલરશીપ માટેના માહિતીપત્રક તેમજ ફોર્મ રોટરી મીડટાઉન, c/o આઈ-ટેક ઈન્ફોનેટ, ૩ જો માળ, જે. પી. ટાવર, ટાગોર રોડ, ખાતેથી સવારે ૧૧ થી ૧૨.૦૦ તથા સાંજે ૪ થી ૫.૩૦ દરમ્યાન માર્કશીટની નકલ રજુ કરીને મળશે. આ સ્કોલરશીપ માટે જે તે પરીક્ષામાં ૯૦% PR આવશ્યક છે.




# ગાર્ડન, વસાહતોમાં મનપા દ્વારા સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાઈ

ભારત હેડલાઇન, તા.૭

કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વર્ષ-૨૦૨૬ સુધીમાં તમામ શહેરોને કચરા મુકત શહેરો બનાવવાના ઉદેશય સાથે સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦ લોન્ચ કરવામાં આવ્યું છે. સ્વચ્છતાની આ પ્રવૃતિને વધુ આગળ વધારવા, રાજ્યના તમામ નાગરિકોની સમાન ભાગીદારી કેળવવા રાજય સરકાર દ્વારા નિર્મળ ગુજરાત ૨.૦ લોન્ચ કરવામાં આવેલ છે. જેમાં તા.૧-૬ થી ૧૫-૬ દરમ્યાન સફાઇ અભિયાન શરૂ કરાતા શહેરમાં આવેલ મહાપુરુષોની પ્રતિમા, બાગ, બગીચા, ઉદ્યાનો અને સરકારી રહેણાક વસાહતોની સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરાઇ છે. જેમાં કુલ ૨૯૩ સફાઈ કામદારોએ ૫૨ ટન કચરાનો નિકાલ કરેલ છે. આ કામગીરી કમિશનરની સૂચના મુજબ પર્યાવરણ વિભાગ કરી રહ્યો છે.

